સ્ટેટ ઓફ ધ આર્ટ હોસ્પિટલ અને
ડીસીઝ ડાયગ્નોસ્ટીક અને રિસર્ચ
સેન્ટર સ્થાપવા બાબત

**ગુજરાત સરકાર**
**વન અને પર્યાવરણ વિભાગ**
**સુધારા ઠરાવ ક્રમાંક: વપસ/૧૦૨૦૧૯/એસ.એફ.- ૦૩/ડબલ્યુ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૨૫/૦૧/૨૦૨૧**

વંચાણે લીધા :-
(૧) વન અને પર્યાવરણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૮/૦૨/૨૦૧૯નો ઠરાવ.
(૨) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યપ્રાણી)ના પત્ર ક્રમાંક:-વપસ/ટે.૨૫/ફા.નં.૪૮૩/અ/૭૩૧-૭૩૨/ ૨૦૨૦-૨૧, તા.૦૬/૦૧/૨૦૨૧.

**ઠરાવ:-**

વંચાણે લીધા-(૧)ના ઠરાવથી ગીરમાં વસતા એશિયાઇ સિંહોના લાંબાગાળાના સંરક્ષણ તથા તેના માટે હાલની વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે માળખાકિય સુવિધાઓ અને અન્ય સવલતો વિકસાવવા બાબતે સિંહોના રેસક્યુ, રસીકરણ, આરોગ્ય ચકાસણીની કામગીરી માટે સ્ટેટ ઓફ ધ આર્ટ હોસ્પિટલ અને ડીસીઝ ડાયગ્નોસ્ટીક એન્ડ રિસર્ચ સેન્ટર સ્થાપવા સમિતિની રચના કરવામાં આવેલ. જે સમિતિમાં સભ્ય સચિવશ્રી તરીકે નિયામકશ્રી, સક્કરબાગ ઝૂને રાખવામાં આવેલ છે. પરંતુ આ સ્ટેટ ઓફ ધ આર્ટ હોસ્પિટલ અને ડીસીઝ ડાયગ્નોસ્ટીક એન્ડ રિસર્ચ સેન્ટર સક્કરબાગ ઝૂ, જૂનાગઢના બદલે સાસણ-ગીર ખાતે સ્થપાનાર હોવાથી સમિતિના સભ્યોમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી. પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધા-(૧)ના ઠરાવ માં સુધારો કરીને નીચે મુજબ સમિતિનું પુનઃગઠન કરવામાં આવે છે.

| અ.નં. | સભ્યનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(વન્યજીવ), ગુજરાત રાજ્ય | અધ્યક્ષ |
| ૨ | અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(વન્યજીવ), ગુજરાત રાજ્ય | સભ્ય |
| ૩ | અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય (જેઓ કેમ્પાની કામગીરી સંભાળતા હોય) | સભ્ય |
| ૪ | મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વર્તુળ, જુનાગઢ | સભ્ય |
| ૫ | નિયામકશ્રી, ઇન્ડિયન વેટરનરી રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ(IVRI), બરેલી, ઉત્તર પ્રદેશ અથવા તેઓ દ્વારા નિયુક્ત તેમના પ્રતિનિધિ | સભ્ય |

| | | |
|---|---|---|
| ૬ | ડિન, ફેકલ્ટી ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડરી, આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી અથવા તેઓ દ્વારા નિયુક્ત તેમના પ્રતિનિધિ | સભ્ય |
| ૭ | અધિક/સંયુક્ત/નાયબ સચિવશ્રી, સેવા, વન અને પર્યાવરણ વિભાગ | સભ્ય |
| ૮ | અધિક/સંયુક્ત/નાયબ સચિવશ્રી, વન્યજીવ, વન અને પર્યાવરણ વિભાગ | સભ્ય |
| ૯ | નિયામકશ્રી, સક્કરબાગ ઝૂ, જુનાગઢ | સભ્ય |
| ૧૦ | નાયબ વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વિભાગ , સાસણ ગીર | સભ્ય સચિવ |

૨. અન્ય શરતો અને બોલીઓ વંચાણે લીધા-(૧)ના ઠરાવ મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Avani C.

(અવની જોષી)
સેક્શન અધિકારી
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(વન)ના અંગત સચિવશ્રી, સચિવાલય ,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(વન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(HOFF), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(WL), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (WL), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (મોનિટરિંગ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વર્તુળ, જુનાગઢ
- Director, Indian Veterinary Research Institute(IVRI), Izatnagar, Bareilly –243 122, Uttar Pradesh.
- ડિન, ફેકલ્ટી ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડરી, આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, આણંદ-૩૮૮ ૦૦૧
- અધિક/સંયુક્ત/નાયબ સચિવશ્રી, સેવા, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગર
- અધિક/સંયુક્ત/નાયબ સચિવશ્રી, વન્યજીવ, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગર
- નિયામકશ્રી, સક્કરબાગ ઝૂ, જુનાગઢ
- નાયબ વન સંરક્ષકશ્રી, સાસણ.
- સીસ્ટમ મેનેજર – વન અને પર્યાવરણવિભાગ – IWDMS પર મૂકવા માટે.
- સીલેક્ટ ફાઈલ (બ્રાન્ચ કલેક્શન)
- નાયબ સેક્શન અધિકારીની સિલેક્ટ ફાઈલ